२३१

स्वदेश भक्तोने

THE WORDS TO BE REMEMBERED BY THE PATRIOTS

સ્વદેશ ભકતોને

યાદ રાખવા યોગ્ય વચનો.

સંગ્રહ કર્તા.

રત્નસિંહ દીપસિંહ પરમાર

પ્રથમાવૃત્તિ

મળવાનું ઠેકાણું.

કર્તા પાસે હભોલી પોષ્ટ સીગનપોર

જીલ્લે સુરત.

કીમત બે આના.

સંવત ૧૯૬૫

શ્રી 'ગુજરાત' પત્ર પ્રિન્ટીંગ પ્રેસ—નડીઆદ.

२६१८

THE WORDS TO BE REMEMBERED BY THE PATRIOTS.

:0:

સ્વદેશ ભકતોને યાદ રાખવા યોગ્ય વચનો.

સંગ્રહ કર્ત્તા
રત્નસિંહ દિપસિંહ પરમાર (ડભોલી નિવાસી)

પ્રકાશક.
ડાહ્યાભાઈ રણછોડભાઈ પટેલ.
કાકરખાડની બારી. નડીઆદ.

ધી. 'ગુજરાત' પત્ર પ્રીન્ટીંગ પ્રેસ—નડીઆદ.

પ્રસ્તાવના.

આ ગ્રંથને પ્રસ્તાવનાની ઝાઝી જરૂર નથી. મેં. મારા અભ્યાસ દરમ્યાન જે શબ્દો સારા મળ્યા તેનો સંગ્રહ કર્યો છે. અને તે સંગ્રહને છપાવવાની આ કોશિષ છે. થોડી એક કવિતા મેં જાતે રચી છે. અને તેપણ આ ગ્રંથમાં મૂકવામાં આવી છે. કેટલેક ઠેકાણે મુળ લેખકના નામ આપ્યાં છે. અને કેટલે ઠેકાણે નથી આપ્યાં તેનુ કારણ એજ કે તેમનાં નામો મળી શકયાં નહિં ભાષા નો ઝાઝો આડંબર કરવામાં આવ્યો કારણ કે હાલ સમય એવોછે કે સાધારણમાં સાધારણ માણસ વાંચીને સમજી શકે એવાં પુસ્તકોનો પ્રચારજ થવો જોઇએ. ભૂલ ચુક થઇ હોય તો તે સુધારી લેવી એવી અરજ છે.

લી. સેવક.

રત્નસિંહ દિપસિંહ પરમાર.

"Let those of our friends who ask us to separate politics from boycott politics from Swadeshism, let them work out the separation of administration from exploitation in the policy of the government of India.,,

Babu Bepin Pal.

" આપણા જે મિત્રો આપણને રાજદ્વારી બાબતને બોયકોટથી અને સ્વદેશી હિલચાલથી જુદી પાડવાને કહેછે તેમને હિંદી સરકારની રાજનીતીમાં રાજતંત્ર અને ભૂમીનું દ્રવ્ય ખેંચી લેવાની પદ્ધિતિ: Exploitation) એ બેને (પ્રથમ) જુદાં પાડવા દો "

બાબુ બીપન પાલ.

જાપાનમાં એક અગ્રણી પત્રનો અધિપતિ લખે છે કે " અમારો દેશ અમારી મૂર્તિ છે અને સ્વદેશપ્રિતી એ અમારી ભક્તિનું પહેલું સુત્ર છે. રાજાથી તે પ્રજા સુધી કોઇને બીજો ધર્મ માન્ય નથી. અણીને વખતે જાપાનમાં કદી પક્ષાપક્ષી થતી નથી. અર્વાચિન કાળમાં જ્યારે આખા દેશમાં કલહ જામી રહ્યો હતો ત્યારે પણ દેશને માથે માત્ર એકજ તવાઇ આવતાં સઘળા પરસ્પર વિરોધી ઊમરાવો બાદશાહના છત્ર નીચે એક થયા હતા. "

It is a significant fact that India was conquered through the help of the unpatriotic inhabitants

of its own. In 1757 a great battle was fought at Plassey in which the British won the victory In this furious battle Clive had 3000 men of whom only 1000 were Europeans.

આ એક નોંધ લેવા લાયક સત્યવાતછે કે હિંદુસ્તાન દેશને બ્રીટીશ પ્રજાએ તેના પોતાનાજ સ્વદેશ ભકિત્ત રહીત લોકોની મદદવડે જીત્યો હતો. ૧૭૫૭ માં પ્લાસી આગળ એક મોટું યુદ્ધ થયું હતું અને તેમાં બ્રિટીશો જીત્યા હતા. આ ભયંકર લડાઇમાં કલાઇવ પાસે માત્ર ૩૦૦૦ માણસો હતાં જેમાં યુરોપીઅનો તો માત્ર ૧૦૦૦ હતા.

The French people who had suffered much from bad rule under several kings rose up against Louis XVI who was a better monarch than many who had gone before him though he was not a very wise one. In the end he and his queen were beheaded and France became a republic.

ફ્રેંચ લોકો કે જેમણે કેટલાક રાજાઓના ખરાબ અમલને લીધે ઘણું દુઃખ ખમ્યું હતું તેઓ ૧૬ મા લુઇની સામા થયા. આ લુઇ જોકે ઘણો ડાહ્યો બાદશાહ નહોતો તો પણ તેની આગળ થયેલા ઘણા રાજાઓ કરતાં તે સારો હતો. આખરે રાજા અને રાણીને ફાંસીને લાકડે લટકાવવામાં આવ્યાં અને ફ્રાન્સનું રાજ પ્રજાસત્તાક રાજ બન્યું.

"This city (Murshidabad) is as extensive, populous and rich as the city of London with this difference that these are individuals in the first possessing infinitely greater property than in the last city."

Lord Clive

" આ શહેર (મુર્શિદાબાદ)લંડન જેટલું વિશાળ અને તેના જેટલુંજ વસ્તીવાળું છે. ફેર માત્ર એટલોજછે કે પહેલા શહેરમાં (મુર્શિદાબાદમાં) બીજાં કરતાં[લંડન કરતાં] ઝાઝા પૈસાદાર લોકો વસેછે."

લોર્ડ કલાઈવ.

કંપની સરકારના શરૂઆતના વખતમાં બંગાળા પ્રાંતમાંથી રૂ. ૧૫૦૦૦૦૦૦૦ નું કાપડ દર સાલ પરદેશ મોકલવામાં આવતું હતું. પટણામાં ૩૩૦૪૨૬ સ્ત્રિઓ શાહબાદમાં ૧૫૯૫૦૦ સ્ત્રિઓ,ગોરખપુરમાં ૧૭૫૬૦૦ સ્ત્રિઓ ચરખા ઉપર સુતર કાંતી ૩૫૦૦૦૦૦ રૂપિઆ કમાતી હતી. તેમજ દીનાપુરની સ્ત્રિઓ ૯૦૦૦૦૦ અને પુર્ણા જીલ્લાની સ્ત્રિઓ ૧૦૦૦૦૦ રૂપીઆનું સુતર કાંતવાનું કામ કરતી હતી.

"It has been truly said of India that she is dumb before her rulers as a sheep before her sheavers is dumb; but even a sheep will bleat freely at times when these bite deep into the flesh and any attempt to silence such bleatings would be a wanton piece of cruelty".

Imperialesim in India by Sir D. Wedderburn.

" હિંદુસ્તાન દેશને માટે સત્ય કહેવાયેલું છે કે જેવી રીતે એક મેંઢું પોતાના વાળ કાતરનાર આગળ મૂગું રહે છે તેવી રીતે તે (હિંદુસ્તાન) પોતાના રાજ કર્તાઓ આગળ મૂગો છે. પણ જ્યારે કાતર આંસમાં ઊંડી પેસી જાયછે ત્યારે એક મેંઢું સુદ્ધાં કોક વખત છૂટથી બરાડેછે અને આવા દુઃખની ચિચિયારીઓ બંધ પાડવાની કોશિષ કરવામાં આવે તો અતીક્રૂરતા ગણાય "

ઇમ્પીરીઆલીઝમ ઇન ઇન્ડીઆ નામના પુસ્તકમાં સર. ડી. વેડરબર્ને લખેલું.

"One who would seek to suppress openion by censership, is like the man who tried to keep out the crows by closing his path-gates".

Milton.

" જે માણસ કાયદાથી પ્રજા મન દાબીદેવાનાં ફાંફાં મારેછે તે, જે પોતાના બાગના દરવાજા બંધ કરી કાગડાઓ આવતા અટકાવવાની કોશિષ કરે તેના જેવો છે. "

મિલ્ટન.

"The cotton and silk goods of India upto the period (A.D.1813) could be sold for a profit in the British market at a price of 50 to 60 percent

lower than those fabricated in England. It consequently became necessary to protect the latter by duties of 70 and 80 percent on their value or by positive prohibition. Had this not been the case, had not such drohibitory duties and decrees excited the mills of Paisley and Manchester would have been stopped in their outset and conld scarcely have been again set in motion even by the power of steam. They were created by the sacrifice of the Indian manufacture. Had India been independent she would have retaliated, would have imposed prohibitive duties upon British goods and would thus have preserved her own productive industry from anpilation This act of self-defence was not permitted her. She was at the mercy of the stranger. British goods were forced upon her without paying any duty and the foreign manufacturer employed the arm of political injustice to keep demand ultimately strangle a competitor with whom he could not have contended on equel terms."

History of India by Mill.

ઇ. સ. ૧૮૧૩ ની સાલ સુધી હિંદુસ્તાનનો રૂ અને રેશમનો માલ

ઇંગ્લાંડમાં બનેલા માલ કરતાં સેંકડે ૫૦થી૬૦ ટકા ઓછે ભાવે બ્રિટનની બજારમાં નફા સાથે ખપતો હતો. આથી હિંદુસ્તાનના માલપર સેંકડે ૭૦ અને ૮૦ ટકાની જકાત મૂકીને અથવા તદ્દન તેનો અટકાવ કરીને, ત્યાંના માલનું સંરક્ષણ કરવાની જરૂર પડી જો વસ્તુસ્થિતિ આવી નહોત જો આવી પ્રતિબંધક જકાત અને આવા કાયદાઓ એ ત્યાંના વેપારને તેજી આપી નહોત તો પેઝલી અને માંચેસ્ટરની મીલો માલ કાઢતી બંધ પડી હોત અને વરાળ યંત્રની શકિતથી પણ ભાગ્યેજ પુન. સજીવન થઇ હોત. હિંદુસ્થાનના માલને ભાગે તેમની ઊત્પત્તિ થઇ જો હિંદુસ્થાન સ્વતંત્ર હોત તો તેણે એનો ખંગ વાળ્યો હોત, બ્રિટનના માલ ઉપર પ્રતિબંધક જકાત નાખ્યા હોત અને એ પ્રમાણે પોતાના ઉત્પાદક હુન્નરને મોતના પંજામાંથી બચાવ્યો હોત. સ્વરક્ષણનું આ કામ તેના પોતાના હાથમાં રાતે હરીફાઇ કરીશકતો નહોત તો તેને દાબી દેવાને રાજકીય અન્યાયનું હથિઆર વાપર્યું.

"Now Great Britain's chief want is what? They have said that your chief want is cotton. I deny it. Your chief want is consumers. You have got skill, you have got machinery enough to manufacture goods for the whole population of the Globe. You could turn out fourfold as much as you do if you only had the market to sell in."

Henry Beecher.

"હવે ગ્રેટ બ્રિટનની મુખ્ય જરૂર શું છે.? તેઓ કહે છે કે તમારી મુખ્ય જરૂર છે. કે તે વાતની ના પાડું છું. તમને મુખ્ય જરૂર ગ્રાહકોની છે. તમારી પાસે બુદ્ધિ છે, તમારી પાસે મુડી છે અને આખી દુનિયાના લોકોને માલ બનાવીને પુરો પાડો એટલું સાંચાકામ છે. જો તમારો માલ વેચવાની બજાર તમારે હાથ લાગે તો તમે કરો છો તે કરતાં ચાર ગણો માલ વધુ બહાર પાડી શકો."

હેન્રી બીચર.

Who can deny the fact that India is the market of England's commodities?

કોણ કહી શકશે કે હિંદુસ્થાન એ ઈંગ્લાંડનું માલની બજાર નથી?

Ye orient realms where Ganges water run;
Prolific fields! dominions of the sun;
How long your tribes have trembled and obeyed;
How long was tyrant's iron sceptre swayed.
But hark! as bowed to earth the Brahmin kneels;
From heavenly climes propitious thunder peals;
Or India's fate her guarding spirits tell;
Prophetic murmers breathing on the spell.
To chase destruction from the plundered shore;
Wish arts and arms that triumphed once before;
The tenth avatar! comes at Heaven's command;

Shall Saraswattee wave her hallowed wand.'

Thomas Campbell.

(આ કાવ્યનું ભાષાંતર ગુજરાતી કાવ્યમાં ઝાંખી રીતે નીચે પ્રમાણે કર્યું છે.)

પૌર્વાત્ય દેશ હિંદ જ્યાં ગંગા તણાં નીર દોડતાં.
રે ભિષ્મ ભૂમી ! છે ખરેખર કીમતી ક્ષેત્રો છતાં,
લાંબો વખત ત્હારી પ્રજા ભીરૂ નમાલી રહી હતી;
લાંબો વખત ક્રુરરાયની ક્રુરતા ઘણી તેં સહી હતી.
પણ જો જરા તું ! દ્વિજ જ્યારે ભૂમીને નમતા ફરે,
કે સ્વર્ગ્ય ભૂમી હવે તો વિજયના ઘોષો કરે;
અથવા સિતારા હિંદના સુભાગ્ય એ ભુમીનું ભણે
કો તિલસ્માતીક વચનથી ભાવિની વાતો બડબડે,
જે કળાને સુવિચારથીં આગળ પ્રજા વિજયી થતી;
તેના વતી અટકાવવા જે જે ખરાબીઓ થતી.
અવતાર દશમો આવશે ઇશ્વર તણો આ ભોમમાં,
અને સરસ્વતી ઘુમશે લઇ વાવટો અતી જોમમાં;

ટામસ કેમ્પબેલ.

Are you in earnest? seize this very minutes;
What you can do or think begin it."

Faust

"શું તમે (કામ કરવા) આતુર છો? (જો તેમ હોય તો) આ પક્ષનેજ પકડો. તમે જે કાંઇ કરી શકો અથવા વિચારી શકો તેનો (આપણેજ) આરંભ કરો."

ફોરસ્ટ.

When pangs are highest
Then God is nighest.

જ્યારે દુઃખ ઘણું પડેછે ત્યારે ઈશ્વર વધુ નજીક હોયછે.

Pitch thy behaviour low, thy projects high;
So shalt thou humble and magnanimous be;
Sink not in spirit who aimeth at the sky;
Shoots higher much than he that means a tree.

તારી વર્તણુંક નમ્ર અને તારી યોજનાઓ (હેતુઓ) ઊચ્ચ બનાવ. તેથી તું સભ્ય અને દિવ્ય પુરૂષ થશે. તારો જુસ્સો ઊતારી નપાડ (નિરાશા વાદી ન બન) કારણ કે જે આકાશ તરફ (પોતાની નેમ) તાકેછે તેની ગોળી ઝાડ તરફ તાકનાર કરતાં વધુ ઊંચી જાય છે.

Plain living and high thinking

સાદું જીવન અને ઊંચા વિચાર રાખો.

Man is good or bad, great or small, rich or poor

according to what he is and not according to what he has.

માણસ ભલો છે કે બુરો, મોટો છે કે નાનો, તાલેવન છે કે ગ-રીબ તેની ગણના તે કેવો છે તે જોઇને કરવી અને તેની પાસે શું છે તે જોઇને કરવી નહિ.

To the really great not only nothing is impossible, but nothing is unattainable or uñobtaiuable

ખરા મહાન પુરૂષને માટે કાંઇ પણ ચીજ અસંભવિત નથી એટલુંજ નહિ પણ તેને માટે અપ્રાપ્ય અથવા નહિ મેળવી સકાય એ-વી કાંઇ પણ વસ્તુ નથી.

With true manliness or courage man is as baving nothing yet possessing all things, while without it mau though possessing all things really has nothing."

ખરી મર્દાઇ અને શૌર્ય વાળા માણસ પાસે કાંઇ પણ નહોય તો પણ તેની પાસે સર્વસ્વ છે અને તે સિવાયના માણસ પાસે સર્વ સ્વં હોય તો પણ સત્ય રીતે તેની પાસે કાંઇ પણ નથી.

What is patriotism in Europe is considered fana-

ticism in Asia and Africa."

Justice Amir Alli

"યુરોપમાં જેને સ્વદેશભક્તિ કહેવામાં આવેછે તેને એશીઆ અને આફ્રિકામાં ઝનુનગણુવામાં આવે છે."

જસ્ટીશ અમીર અલી.

Give me that man that is not passion's slave and I will wear him in my heart's core ay! in my heart of heart!

મને એવો માણસ આપો કે જે દુનિયાના વિકારોનો ગુલામ ન-હોય અને હું તેને અંતઃકરણના ઊંડા ભાગમાં ધારણ કરીશ અરે! મારા હૃદયનાં હૃદયમાં પહેરી રાખીશ.

The wise and prudent conquer difficulties by daring to attempt them. Sloth and folly shiver and shrink at the sight of toil and danger and make the unpossibility they fear.

શાણા અને ડાહ્યા માણસો કોશિષ કરીને મુશ્કેલીઓ જીતી છે. આળસુ અને મુર્ખ માણસો મહેનત અને ભય જોઈને ધ્રુજીને દુર નાશે છે. અને જેનો પોતાના દીલમાં ડર હોય છે તે અસંભવિતતા. પોતાની જાતે બનાવી મૂકે છે.

Atma requires no definite material, but it moves towards its purpose under certain conditions, howevor, and it makes a material for itself out of that which opposes it, as fire lays hold of what falls into it by which a small light would have bees extinguished but when the fire is strong it soon appropriates to itself the matter which is heaped on it and consumes it and rises higher by means of this very material.

આત્માને કોઇ પણ ચોક્કસ ચીજ જોઇતી નથી. પણ તે પોતાના હેતુ તરફ કેટલાક નિયમો હેઠળ પ્રમાણે કરે છે, અને જેવી રીતે અગ્ની કોઈ પણ ચીજ પડે તો તેને પકડી લેછે તેવી રીતે આત્માને જે ચીજ વિઘ્ન કરેછે તેમાંથીજ તે પોતાને માટે પોષક પદાર્થ ઉત્પન્ન કરે છે. જો અગ્ની થોડો હોય તો અમૂક ચીજ પડતાં તે બુઝાઇ જાયછે, પણ જો તે મોટા હોય તો જે ચીજ તેનાપર મૂકવામાં આવે તેને તરતજ તે પોતાના ઉપયોગમાં લઈ લેછે અને તેને બાળીદઇ તેજ ચીજ વતી વધુ મોટો થાયછે.. આ પ્રમાણેજ નાના અને મોટા આત્મા વિષે સમજવું.

The heights by great men reached and kept;
Were not attained by sudden flight:
But they while their companions slept;
Were toiling upwards in the night.

મોટા માણસે મેળવેલી અને સાચવી રાખેલા કિર્તિની શીખર એક દમ કુદકાથી મળી નહોતી, પણ જ્યારે તેમના સાથીઓ ઊંઘતા હતા ત્યારે તેઓ રાત્રીમાં મહેનત કરીને આગળ વધતા હતા.

Time, my good friend' will all that's needful give;
Gain self-reliance and you have learnt to livo.

મ્હારા વ્હાલા મિત્ર, જે અગત્યનું છે તે સઘળું વખત આપશે. (માન) આત્મ વિશ્વાસ મેળવ અને કેમ જીવવું તેનું શીખી ચૂક્યો છે.

Man is his own star and the soul that can
Render an honest and a perfect man
Commands all light all influence all fate
Nothing to him falls early or too late.

Trust thyself: every heart will vibrate to that iron string.

માણસ તારી જાતપર ભરોસો રાખ અને હરેક અંતઃકરણ તે લોઢાની સાંકળ તરફ ઉછાળા મારીને ખેંચાઈ આવશે.

Who never tries;
Cannot win the prize.

જે કદી પ્રયત્ન કરતો નથી તે કદી ઇનામ જીતતો નથી.

See first that the design is wise and just;
That ascertained pursue it resolutely;
Do not for one repulse forego the purpose that you resolved to effect.

પહેલાં જોકે યોજના ભલી અને સત્ય છે. એટલું નક્કી કર્યા પછી મક્કમ પણેથી તેની પાછળ મંડીજા. જે હેતુ સિદ્ધ કરવાનો તેં ઠરાવ કર્યોછે તેને એક વિઘ્નની ખાતર છોડી ન દે.

To be struggling towards a higher but unattainable conception is a more favourable intellectual conditiou than to rest satisfied in a narrow portion of unascertained fact.

નક્કી થઇ ચુકેલી બાબતના સાંકડા ભાગમાં સંતોષ માનીને બેસી રહેવા કરતાં વધારે ઊંચી પણ નહિ પ્રાપ્ત થઇશકે એવી ધારણા પાર પડવાને સખત મહેનત કરવી એ વધારે કરી માનસિક સ્થિતિ છે.

If occasion be wanting and we can not act like our ancestors let us at least think like them aud imitate their greatness of soul.

જો પ્રસંગ મળતો નહોય અને આપણે આપણા બાપ દાદાઓની માફક વર્તીશકતા ન હોઇએ તો આપણે, કમમાં કમ, તેમની માફક વિચાર કરવો જોઇએ અને તેમના આત્માની ઊચ્ચતાનું અનુકરણ કરવું જોઇએ.

Higher aims are in themselves more valuable even if unfulfilled than lower ones quite attained.

સંપુર્ણ પ્રાપ્ત થયેલી નાની આકાંક્ષાઓ કરતાં મહત્વાકાંક્ષાઓ, ભલેને નહિ પરિપુર્ણ થઇ હોય તો પણ, વધુ કીમતી છે.

Turn fortune turn thy wheel with smile or frown;
With that wild wheel we go not up or down;
Our hoard is little but our hearts are great.

હે નશીબ દેવી ! તું તારૂં ચક્ર કૃપાથી કે અકૃપાથી ફેરવ, તે ભયંકર ચક્રની સાથે અમે ઊંચા કે નીચા જઇશું નહિ. જો કે અમારો સંચય થોડોછે તો પણ અમારાં અંતઃકરણ મોટાંછે.

Oh! freedom is a glorious thing;
Even so our gracious rulers say;
And what they say I sure may sing;
In quite a legal proper way.
They praise it up with all their night;
And praise the men that seek it too;
Provided all the row and fight
Are out in Poland! Thiggin thee?

T. D. Sullivan.

અરે! સ્વતંત્રતા એક ઊમ્દ્ય વસ્તુછે. એમતો આપણા રાજ કર્તાઓ પણ કહેછે. અને તેઓ જે કહે છેતેજ હું તદન કાયદા પૂર્વક અને સત્ય રીતે ગણું છું. તેઓ પોતાનાં સઘળાં જોરથી તેનાં વખાણ કરેછે અને જે માણસો તેને મેળવવા ચાહેછે તેનાં પણ વખાણ કરેછે પણ સરત એટલીજ કે આ સઘળી ખટપટ પોત્રાંડમાં હોય તો ઠીક ! સમજ્યા કે ?

કટી. ટી. સુલીતાન.

पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने
पुत्रास्तु स्थाविरे भावे न स्त्री स्वातंत्र्य मर्हति
बाल्यै राजगुरुर्यता यौवने भृतिदो नृपः
ततः पेन्शन दाता च न हिंदुः प्रभुरात्मनः

કૌમારા વસ્થામાં પીતા રક્ષણ કરે છે, યૌવનકાળમાં પતિરક્ષણ કરે છે ઘડપણમાં પુત્ર રક્ષણ કરે છે, (અને સ્વાતંત્ર્ય હોતું નથી. તેજ પ્રમાણે હિંદુઓનું બાલ્યાવસ્થામાં રાજગુરૂ, યૌવનમાં સરકાર અને ઘડપણમાં પણ સરકાર રક્ષણ કરે છે તેમને સ્વતંત્રતા હોતી નથી

यदा यदा हि धर्मस्य ग्लानि र्भवति भारत
अभ्युत्थान मधर्मस्य तदात्मानं सृजाम्यहम
परित्राणाय साधूनां विनाशायच दुष्कृताम् .
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे

કૃષ્ણ ભગવાન કહે છે "હે ભારત, જ્યારે જ્યારે ધર્મ નાશ થઇ જાય છે, અને અધર્મનો વધારો થાય છે ત્યારેત્યારે હું પોતે અવતાર લઉં છું. સાધુ પુરુષોનું સંરક્ષણ કરવાને અને દુષ્ટ મનુષ્યો નો સંહાર કરવાને અને ધર્મનું સારી રીતે સ્થાપન કરવાને યુગેયુગે હું જન્મ લઉં છું."

देहिनो स्मिन्यथा देहे कौमारं यौवनं जरा
तथा देहांतरप्राप्ति र्धीर स्तत्र न मुह्यति

શરીરમાં રહેનાર આત્માને શરીરની માફક બાળપણ, યુવા વસ્થા અને ઘડપણ લાગે છે તેમજ તે એક શરીરમાંથી બીજા શરીરમાં જાય છે અને તેને માટે બુદ્ધિવાળો માણસ શોક કરતો નથી.

ना सतो विद्यते भावो नाभावो विद्यते सतः
उभयो रपि दृष्टोंतस्त्वनयो स्तत्त्व दर्शिभिः

જે નથી તે છે એમ થતું નથી અને જે છે તે નથી એમ નથી; તત્વ જાણનારાઓએ આ બન્નેનું તત્વ જાણ્યું છે.

नैनंछिंदाति शस्त्राणि नैनं दहाति पावकः
नचै नं क्लेदयं त्यापो न शोषयतिमारुतः

હથીઆર તેને (આત્માને) ભેદી શકતાં, દેવતા તેને બાળતો નથી પાણીથી તે ભીંજાતો નથી અને પવનથી તે સુકાતો નથી.

प्रारम्यते न खलु विघ्नभयेननीचैः
प्रारम्य विघ्नाविहता विरमान्तिमध्याः
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः
प्रारम्यचोत्तमजना न परित्यजन्तिः

વિઘ્નને ભયે જેઓ પ્રારંભ નથી કરતા અધમ છે પ્રારંભ કર્યો પછી વિઘ્ન આવતાં મુકી દે તે મધ્મ કહેવાય છે. પણ પ્રારંભ કર્યાં પછી વિઘ્નો આવ્યા છતાં પણ પોતાનું કામ છોડતા નથી તે મનુષ્ય ઉત્તમ કહેવાય છે.

All misery and wrong doing tend to cure themselves. It is a self-acting machine. Wrong doing provokes resistance and resistance until wrong-doing no longer pays and misery makes men restless to find alleviations. He who knows where the shoe pinches insists on a remedy and if one cobbler cannot give him ease another will. That is how the pinch is remedied and wise cobblers are made."

Bondo Mataram.

"સઘળાં સંકટો અને અન્યાયી કર્મો પોતાની જાતેજ ઉપર છે. તે પોતાની જાતે ચાલતું યંત્ર છે. અન્યાયી કર્મ જ્યાંસુધી વધુ થાય ત્યાંસુધી સામા થવાની લાગણીને ઉશ્કેરે છે અને સંકટ માણસો ને એવા બનાવેછે કે તેઓ આરામ મેળવવાની કોશિષમાં ઠરીને બેસતા પણ નથી જોડો કયાં ખુંચે છે. તેને માણસ જાણે તો તે તેનો ઉપાય કરવાને ખંતીલા બને છે અને એક તેને આરામ નહિ આપશે. સ. બીજો જરૂર આપશે આ પ્રમાણે તેનો ઉપાય થાય છે

બંદેમાતરમ.

"Exile is the nursery of nationality as the oppression is the school of liberalism."

Lord Acton

"જેવીરીતે જુલમ એ સ્વંત્રતાની નિશાળ છે તેવીરીતે દેશપાર ની શિક્ષાએ પ્રજાતત્વનો પોષણ કર્તા ખોરાક છે."

લોર્ડ એક્ટન.

• જાપાનના એક યોદ્ધા ટેકીઓ હીરોઝે જ્યારે પોર્ટ આર્થરનો દરવાજો બંધ કરતાં પોતાની જીંદગી ખોઇ તે વખતે તેણે મરતાં મરતાં એ માગ્યું કે "હે પરમાત્મા! તું મને સાત વખત જન્મ આપજે કે જેથી હું સાત વખત મારા દેશની ખાતર મારો આત્મ અર્પણ કરૂં. મરવાને તો નિશ્ચય કર્યો હતો તેથી હું હસતાં હસતાં મરૂંછું કેમકે હું ફરીથી પણ દેશની સેવા બજાવીશ."

હીરોઝના ભાઇએ તેની બેનને નીચે પ્રમાણે ખબર આપી હતી

"આપણા માબાપોના આત્મા કેવા હર્ષવાન થશે કે આપણાં કુટુંબમાં આવો બહાદુર વીર પુરૂષ પેદા થયો હતો તેનું મરણ આપણને તેજ આપનારૂં છ માટે તમે શાંત રહેજો."

"Never in all the long history of many nations of India was famine permanent in that magnificent peninsula as it is to day. Never was plague, the disease above all of poverty such a continuous scourge over so vast an area."

Mr Hyndman

" જેવી રીતે હિંદુસ્તાનમાં આજે (હમેશનો) દુષ્કાળ પડે છે. તેવી રીતે તે ઘણીદેશની પ્રજાઓનાલાંબા ઇતિહાસમાં કદીપણ તે દ્વિબ્યદ્વિપકલ્પમાં દુષ્કાળ હમેશનો હોય એવું જણાયું નથી. પ્લેગ કે જે ગરિબાઇનો રોગછે તેપણ આટલા બધા વિશાળ પ્રદેશપર હમેશના આપ સમાન અગાઉ કદી થઇ પડયો નહોતો."

મી. હીન્ડમેન.

"Whoever forbids them forbids the divinely-appointed means to physical development."

Herbert Spencer

રમતને વિષે લખતાં હર્બર્ટ સ્પેન્સર કહે છે કે " જે મનુષ્ય તેમની (રમતોની મમનાઇ કરે છે તે શરીર બળની અભિ વૃદ્ધિ માટે

ઈશ્વરે નિર્માણ કરેલાં સાધનમાં પ્રતિબંધ કરે છે"

"There is nothing so delicate as a man's moral character which it is his interest to preserve pure. Should he be suspected of injustice maliquity, perfidy, lying etc all the parts and knowledge in the world will never procure him esteem, friendship or respect."

Lord Chesterfield

"મનુષ્યની નીતિ જેવો બીજો કોઇ મૃદુ વિષય નથી તેમજ તેની પવિત્રતા જાળવવામાં તેનો જેટલો સ્વાર્થ રહેલ છે તેટલો બીજા માં નથી. અન્યાય દ્વેષ વિશ્વાસઘાત અસત્યાદિ દોષોની શંકા જો મનુષ્યના ચરિત્રમાં થઇ તો આ દુનિયામાં સર્વોત્કૃષ્ટ બુદ્ધિ તેને આદર, મિત્રતા તથા માન મેળવી શકશે નહિ"

લોર્ડ ચેસ્ટર ફીલ્ડ.

"Virtue alone is happiness Pope below."

"આ પૃથ્વીમાં તો માત્ર સદ્ગુણ એજ સુખ છે."

अप्रियस्यापि पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः

હિતકર વાક્ય અપ્રિય હોય તે બોલવા અને સાંભળવાવાળા વિરલ હોય છે.

परोपकृति कैवल्ये तोलयित्वा जनार्दनः
गुर्वी मुपकृतिं मत्वा ह्यवतारान् दश ग्रहात्

"પરોપકાર અને અક્ષરૂપ સ્થિતિ એ બેને શ્રી વિષ્ણુ ભગવાને તોળી જોઈ તો તેમને પરોપકાર ગૌરવ વાળો જણાયો તથી તેમણે દશ અવતાર ધારણ કર્યા.

आत्मार्थं जीवलोके स्मिन् को न जीवति मानवः
परं परोपकारार्थं यो जीवति स जीवति

આ મર્ત્ય લોકમાં કયો માણસ પોતાને માટે નથી. જીવતો! ખરો જીવતો તેજ કહેવાય કે જે પરોપકાર અર્થે જીવતો હોય.

स्वधर्म मपि चावेक्ष्य न विकंपितु मर्हसि
धर्म्याद्धि युद्धाच्छ्रे योन्यत् क्षत्रियस्य न विद्यते]

તારો પોતાનો જે ધર્મ છે તે વિચારતાં પણ તારે ધ્રુજારી ખાવી એ તને ઘટતું નથી કેમકે ધર્મ યુદ્ધથી વધારે કલ્યાણકર ક્ષત્રીયને બીજું કાંઇ નથી.

"The dismemberment of Bengal had become necessary because in the view of the government of India it cannot be for the lasting good of any country our any people that public opinion

or what passes for it. Should be manufactured by a comparatively small number of people at a single centre and should be disseminated thence for universal adoption. "From every point of view "the government further states "it appears to us desirable to encourage the growth of centeres of independent opinion, local aspirations, local ideals and to preserve the growing intelli gence and enterprise of Bengal from being cramped and stunted by the process of forcing it prematurely into a mould of rigid and sterile uniformity. You will see that this is only a paraphrase in Lord Curson's most approved style, of Bengal, that their fair province has been dismembered to destroy their national aspirations add to check their power of co-operating for national ends, lessen the influence of their educated classes with their countrymen and reduce the political importance of Calcutta". After this let no appologist of the late viceroy pretend that the object of the partition was administrative convenience and not politica

repression"

Honourable Mr Gokhale

"બંગાળાના ભાગલા (સરકારને) જરૂરના થઇ પડયા હતા કારણ કે હિંદી સરકારના મત પ્રમાણે" જાહેર પ્રજા મત અથવા તેને નામે જે ચાલે છે તે માત્ર એકજ મધ્ય સ્થળે અને મુકાબલો કરી જોતાં ઘણીજ નાની સંખ્યા થકી ઘડાય અને ત્યાંથી સાર્વજનીક સમ્મતિને માટે ફેલાય એ કોઇ પણ દેશ કે પ્રજાને માટે કાયમનું ફાયદાકારક થઇ શકે નહિ" સરકાર આગળ જણાવે છે કે" બધી બાજુ તપાસતાં, સ્વતંત્ર પ્રજા મતનાં મધ્ય સ્થળો, સ્થાનિક આકાંક્ષાઓ અને વાંચ્છનાઓ ને ઉત્તેજન આપવાનું અને બંગાળાને વખત આવ્યા અગાઉ અનુત્પાદક (નકામી) એકયતામાં ધકેલી દેનાર ક્રિયા થકી તે દેશની ઊગતી બુદ્ધિ અને સાહસને દબી જતાં બચાવવાનું અમને યોગ્ય જણાય છે" તમે જોશો કે આ માત્ર લોર્ડ કરઝનની અતી રસીક શૈલીમાં માર્મિક શાબ્દિક રૂપાંતરજ છે વળી બંગાળાનો સુંદર પ્રાંત, બંગાળીઓની પ્રજાકીય મહત્વાકાંક્ષાનો નાશ કરવાને, પ્રજાકીય અંતિમ હેતુને માટે તેઓની એ કળા સાધવાની શક્તિને અટકાવવાને, શિક્ષિત વર્ગનો પોતાના દેશી બંધુઓ ઉપર નો કાબુ ઘટાડવાને અને કલકત્તાની રાજદ્વારી અગત્યતા ઓછી કરવાને છિન્ન ભિન્ન કરવામાં આવ્યો હતો. આટલું થયા પછી માજી વાઇસરાયનાં કૃત્યોપર ઢાંક પીછોડો કરનાર કોઇ પણ એવું બહાનું કાઢી શકશે નહિ કે ભાગલા પાડવાનો હેતુ કારોબારી સગવડનો હતો અને રાજકિય દબાણનો નહોતો." ઓનરેબલ મી० ગોખલે.

Boycotting means that a man is denied food and drink that his cattle are unsailabe at fairs that the smith will not shoe his horse, nor the carpenter mend his cart, that old friends pass him by on the other side making the sign of the cross, that his children are hooted at the village school, that he sits apart like an outcaste in his usual place of public worship.

" બહિષ્કારનો અર્થ એ થાયછે કે એક માણુસનાં અન જળ બંધ થાયછે; તેનાં ઢોર મેળામાં વેચાતાં નથી; લુહાર તેના ઘોડાને નાળ જડીઆપતો નથી; સુતાર તેની ગાડી સમારતો નથી; તેના જુના મિત્રો મોં મરડીને ચાલ્યા જાય છે; ગામની નિશાળે તેનાં છોકરાંની તિરસ્કારયુક્ત મશ્કરી થાય છે. અને જાહેર પ્રાર્થનાની જગ્યાએ તેને વટલેલાની માફક એકલા બેસવું પડે છે. "

Supremacy of Great Britain. It is therefore wholly futile for British journalists in these days to preach to Indians that the boycott must fail both as a political and an industrial weapons. "It has not annulled the partition says the statesman, nor has it ruined Manchester." Be it so, but the boycott has enqendered,

self-respect in the Indian and helps to keep it up and when a nation has its self-respect aroused it need fear no present obstacles to the establishment of its equality with the highest whether these obstacles be political or industrial. That the boycott encourages lawlessness amongst these who use it is rubbish. The fiction was exposed by the pronouncements of judicial officers in Bengal none too favourable to the boycott who have had to try so called swadeshi cases. The boycott has no doubt tended to discourage the use of arbitrary power on the part of those in authority and any friction caused in the process is to be laid at the door of the latter and not of the former.

(The Panjabee)

બાયકૉટ એ સ્વમાનનો મંત્ર છે.

બોયકોટ એ મુખ્યત્વે કરીને વાણિજય સાથે ઘણો, રાજકિય બાબતો સાથે થોડો અને સાંસારિક બાબત સાથે નહિ જેવો સંબંધ ધરાવે છે. તેનું કારણ એ છે જે હિંદુસ્તાનના વિચિત્ર સંજોગો ઉપર મધ્યે એ દેશપર વ્યાપાર અને રાજકિય બાબતમાં ઇંગ્લાંડની સત્તા પ્રબળનું ભવિષ્ય બાંધવામાં એક મજબુત હથિયારછે. અને તેજ વખતે

તે સત્તા ઇગ્રેજોની મગરૂરીનું મુખ્ય કારણ છે કે જે મગરૂરી હિંદીઓની માગણી તરફ બિલકુલ બે દરકાર છે. આયર્લાંડમાં અને પ્રાચીન હિંદમાં બહિષ્કાર મુખ્યત્વે કરીને સાંસારિક બહિષ્કાર તરીકે રહ્યો છે. સમાજની ઉત્પતિ થયા પછી પૃથ્વીપર બહિષ્કાર એક યા બીજે રૂપે હસ્તીમાં આવ્યો છે અને અંગ્રેજી ભાષા બોલનારી અમેરિકન અને અંગ્રેજ પ્રજાએ તેનો પહેલો ઉપયોગ કીધો છે. રાજકિય બાબતમાં અમેરિકાની જાગૃતિ બોયકોટનેજ આભારી છે, અને ગ્રેટ બ્રિટનના વ્યાપારની ઉત્તમતાનો પાયો પણ તેણેજ નાંખ્યો છે. આથી કરીને રાજકિય અને વ્યાપારી હથીઆર તરીકે બોયકોટ નીષ્ફળજ નીવડશે એવોજ ઉપદેશ અંગ્રેજ વર્તમાનપત્રકારો હિંદીઓને આપે છે તે તદ્દન વ્યર્થ છે. સ્ટેટ્સમેન કહે છે કે "બોયકોટથી ભાગલા દૂર થયા નથી કે માન્ચેસ્ટર ભીખ માગતું થયું નથી" ભલે તેમ હો. પણ બોયકોટે હિંદીઓમાં આત્મ માનની લાગણીને જન્મ આપ્યો છે. અને તેને ચિરંજીવ રાખવાને મદદ કરે છે. અને જ્યારે એક પ્રજામાં આત્માની લાગણી પેદા થઇ ત્યારે સૌથી ઉચ્ચ પ્રજાની સાથે પોતાની સમાનતા દાખવવાના માર્ગમાં હાલ જે વિઘ્નો ઉપસ્થિત થાય. તેનાથી તેણે ડરવાની જરૂર નથી. પછી તે વિઘ્નો રાજકિય હોય કિંવા વ્યાપાર સંબંધી હોય જેણે બોયકોટનું હથિઆર ગૃહણ કર્યું છે તેઓ કાયદાના ભંગને તે ઉત્તેજન આપે એવા હિંમતવાન છે. આ ખોટારૂં બંગ દેશના ન્યાયાધિકારીઓ કે જેઓ બોયકોટને એટલા બધા ચાહતા નહોતા અને જેમને, કહેવાતા સ્વદેશી કેસો પોતાની અદાલતમાં ચલાવવા પડ્યા હતા તેમણે ઉઘાડું પાડ્યું છે. હા બોયકોટ એટલું કરી શક્યો છે ખરો કે તેથી સત્તા

વાળાઓ નિરંકુશ સત્તા વાપરવામાં નીરાશ થયા છે અને તેથી એક્ઝેક્યુટીવ કાઉન્સીલમાંનાં સરકારની ક્રિયામાં કાંઇ તોફાન ભરતી થઇ હોય તો તેને માટે સત્તાવાળાઓ જવાબદાર છે. લોકો નથી. (પંજાબી.)

"It is liberty alone which fits men for liberty."

Gladstone.

"માત્ર સ્વતંત્રતાજ માણસને સ્વતંત્રતાને માટે લાયક બનાવે છે"

ગ્લૅડસ્ટન.

Liberty is the best educator. Its atmosphere is pure and bracing through which the lark of genius sores high beyond the reach of the shafts of despotism and clouds of ignorance.

સ્વતંત્રતા સૌથી સરસ શિક્ષક છે. તેનું વાતાવરણ સ્વચ્છ અને ઉત્તેજીત કરનાર છે. જેમાંથી બુદ્ધિ રૂપી પક્ષી જુલમના તીરો અને અજ્ઞાન રૂપી વાદળાં ભેદીને ઊંચે ઉડે છે.

Is life so dear or peac so sweet as to lie purchased at the price of chains and slavery? Forbid it Almighty God? I don't know what course others may take but as for me liberty or give me death.

શું જીંદગી એટલી બધી વ્હાલી અથવા સલાહ શાંતિ એટલી બધી મધુર છે કે તે બંધન અને ગુલામગીરીની કિંમતે ખરીદી શકાય?

હે મહાન ઇશ્વર! મનેતો માફ ૦.
કરતો લેશો તેનીમને ખબર નથી પણ
કે મોતજ આપજે.

From the life without freedom
Oh? who would not fly?
For one day of freedom
Oh? who would not die?

સ્વતંત્રતા વગરની જીંદગીમાંથી છૂટવાને કોણ પ્રયત્ન ન કરે? અરે! એક દિવસની સ્વતંત્રતા માટે મરવાને કોણ તૈયાર ન થાય.

A nation of heroes and warriors has been turned into a timid flock of quilt- driving sheep

વિર પુરૂષો અને યોદ્ધાની બનેલી એક પ્રજાને કલમ ઘસડતાં મેંઢાંનાં ટોળાંના રૂપમાં ફેરવી નાંખવામાં આવી છે.

"So far as my imagination reaches so long the Government of India must be a personal and an absolute one."

John Morley

Now who can say that
are willing to give the Indians
government?

...વા હિંદુસ્તાનનું રાજતંત્ર જોઇએ."

જોન મોરલી.

...શું કહેવાની હિમ્મત કરશે કે અંગ્રેજ પ્રજા હિં...જ આપવાની ઇચ્છા રાખે છે!

...nes there the man with soul so dead
...no never to himself hath said
"This is my own, my native land"

એવો કયો અધમ આત્મા જીવે છે કે જેણે કદાપી પણ પોતાની જાતને કહ્યું નથી કે " આ મારી પોતાની માતૃભુમી છે. "

Colonel Du Pre a member of the Government of India survey staff in his evidence before the Public service commission made a magnificant declaration. He said, "I never allow my native assistants to do any scientific work."

Bepin Pal

" હિંદી સરકારના સ્ટાફના કર્નલ ડ્યુપ્રી નામના એક સભાસદે પબ્લીક સર્વીસ કમીશન આગળ જુબાની આપતાં જાહેર કીધું હતું તે બહુ જાણવા જોગ છે તેણે કહ્યું કે " હું ખાસ દેશી આસિસ્ટંટોને કદી પણ કોઇ જાતનું વિજ્ઞાન શાસ્ત્રીય કામ કરવા દેતો નથી. "

બીપીન પાલ.

See the selfishness of an average Englishman. I would advise my moderate friends to ... m ... the above-mentioned fact.

આ એક મોટાપણું જુઓ. મારા મોડરેટ ...ડો લેશે!

...ના પુસ્તકો

...ઘુનાથ—શીવાજીના વખતનું

(ઐતિહાસિક નોવેલ) કીમ્મત છ આના

...ન્ત કુમારી—સંસારિક નોવેલ કી. આઠ આના

માધવસિંહ મકવાણો—નોવેલ કીમ્મત દોઢ આનો

ભારતીય રાષ્ટ્ર સંગીત-સ્વદેશ સબંધી ગાયનો. ...
...મ્મત બે આના

સ્વદેશ ભક્તોને યાદ રાખવા યોગ્ય વચનો—કીમ્મત બે આના

મળવાનું ઠેકાણું—કર્તા પાસે ડભોલી પોષ્ટ સીંગનપોર—જી. સુરત.

...ાષ્ટ્રિય સધાન્તનું સાપ્તાહિક પત્ર

...જરાત.

પ્રગટ થાય

... વળદાર...